શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.



સંસારલીલા.



નાટકના ગાયનો તથા ટુંકસાર

રચયી, ગાયી, પ્રસિદ્ધ કરનાર

નરભાઇ કાલુભાઇ શાહ

માલેક—શ્રી આર્ય નૈતિક નાટક સમાજ

ઠે૦—બાલીવાલા ગ્રાન્ડ થીએટર તારદેવ



પ્રિંટર——શંકર સખારામ ડાળે

ઠે૦— શ્રી સમર્થ મેનક પ્રેસ, કાંદાવાડી ૭૨——૮૦ મુંબઇ નાં ૪

કીમત રૂ ૦-૪-૦

॥ ॐ ॥

* શ્રી આર્ય નૈતિક નાટક સમાજ *

સંસાર લીલા.

નાટકના ગાયનો તથા ટુંક સાર.

રચાવી, છપાવી, પ્રસિદ્ધ કરનાર,

નકુભાઈ કાલુભાઈ શાહ

માલેક—" શ્રી આર્ય નૈતિક નાટક સમાજ "

ઠે—તારદેવ બાલીવાલા ગ્રાંડ થીએટર. મુંબઈ.

(સર્વ હક્ક સ્વાધીન)

વિક્રમ સવંત ૧૯૮૦ સને ૧૯૨૪

આવૃત્તિ ૭ પ્રત ૧૦૦૦૦

કિંમત ૪ આના

શ્રી

પાત્ર પરિચય.

પુરૂષ વર્ગ

સુત્રધાર	વસ્તુ સુચન કરનાર
રમાકાન્ત	વિક્રમપુરના કોટીયાધીશનો પુત્ર
પ્રભાકર	રમાકાન્તનો સુશીલ મીત્ર
મૂનીમ	રમાકાન્તના પિતાનો નીમકહલાલ મુનીમ
સુરેન્દ્રનાથ	વિલાસપુરનો સત્તાધિકારી
શશીકાન્ત	રંગપુરનો જાગીરદાર
જયન્ત	રમાકાન્તનો પુત્ર
દોલતરામ	એક કંજુસ શેઠીઓ
રમણ	દોલતરામનો જમાઈ

ડૉક્ટર, વૈદ્ય સોલીસીટર બીમા, જમાદાર, [illegible] વગેરે

સ્ત્રી વર્ગ

નટી	
સરસ્વતી	સુરેન્દ્રનાથની પુત્રી, રમાકાન્તની સ્ત્રી
યશોદા	તેની નીમકહલાલ દાસી
સરલા	રમાકાન્તની બ્હેન
વિલાસી	રંગપુરના જાગીરદારની સ્ત્રી
મધુરી	સ્વામીની [illegible]
પન્ના	એક નર્તકી
નર્ગી	એક વેશ્યા
ભાણકી	દોલતરામની નોકરડી
રમા	દોલતરામની પુત્રી
લતીકા	દોલતરામની નોકરડી.

"સંસાર લીલા."

અંક ૧ લો.

મંગળાચરણ

પ્રવેશ ૧ લો—સ્થળ. રમાકાન્તનો બંગલો—રમાકાન્તની જન્મતિથી ઉજવવા બદલ ભરાએલા હિમ્મતરાગીની નાચ ગાની પાર્ટિ શ્રીમંતના ખુશામતીઆ સાથે ધીરી ચલાવતી ... વેના ગૌતમરામનુ ... ડીની મન પાની જવાથી ઉપરાંગમાં અનવુ રમાકાન્તના ઉડાઉ જવાબ ... નતગમના ... લનુ ... દર્શન સાચ ... ના ... પ્રભાકરની આબાનિ ... રમાકાન્તના પિતાના અવસાન ... તાન્થી બસ ... મળ ... તરંગી સ્વભાવના રમાકાન્તની ખુશાલી

પ્રવેશ ૨ જો—સ્થળ જાગીરદાર મુકુંદનાથના બગીચાનો પાછલો ભાગ—એજ લાઇફમાં શ્રીમંત રમાકાન્તના કૃત્રિમ ... સરખા લગ્નચાર્ય તેના પ્રેમનો ભોગ બનેલી સુરે ... જાગીરદારની નિદાન ... સંમતિ કે જેણે રમાકાન્ત ... પૂત્રના ભવિષ્ય ... સ્વિના, સરસ્વતીનુ આગમન ... યશોદાનો ... માન ... પીતાના મરણથી મળેલા વારસાના તારમાં ઉચ્છૃંખલ બનેલ રમાકાન્તનુ આગમન, એકમાં સંતોષ નહી માનનાર વીસમી સદીના જેન્ટલમેટ લોફર

રમાકાન્તનો પવિત્ર અને ભોળી સરસ્વતીથી છુટવાનો પ્રપંચ, છોકરાને તજી દેવાની સલાહ સરસ્વતીનો સ્પષ્ટ ઇન્કાર અને રમાકાન્તે તેને તરછોડી ચાલ્યા જવું

પ્રવેશ ૩ જો—સ્થળ દોલતરામનું મકાન— તગામ ઘેલી પુત્રી રમાનો [illegible] ને મળવાનો ઉત્સાહ [illegible] સા [illegible]લના આગક લેભા [illegible]િ રમણનુ પોતાનં [illegible] કને [illegible]વા, નાટકના લખેટ[illegible] [illegible]નો લઇ આવવુ, [illegible] [illegible]લો ભળી રમાનાપીતા દોલતરામનુ સર્વ વૃતાત ખડ માની ચીડાવુ, કંજુસ પીતા અને ઉચ્છિ ખલ પુત્રી વચ્ચે ચકમક

પ્રવેસ ૪ થો—સ્થળ રમાકાતના મહેલનો એક ભાગ—રમાકાન્તની બ્હેન સરલા અને સખીઓનો સહચરી વિનોદ, રમાકાન્તના સુશિક્ષ સ્નેહી પ્રભાકરનુ આવવુ, યુવાન હૃદયોનુ આકર્ષણ, સાહેલીઓની પ્રેમ ચેષ્ઠા

પ્રવેશ ૫ મો—સ્થળ રમાકાતનુ વિલાસ ભુવન—લક્ષ્મીવાનોની લીલા, સરલાનુ પોતે ભરેલા ફંડમા રૂપીઆ એક હજાર લેવા દેશ સેવીકાઓ સાથે આવવુ રમાકાન્તનો સ્પષ્ટ ઇનકાર

> "વીસમી સદીમા ભીખનુ બસ દાન એ ઉપનામ છે
> એ ભીખારીને પોષતા બેહાલ હિંદુસ્તાન છે"

ભાઇ બ્હેનની [illegible]ઝક, વૃદ્ધ મુનીમે પોતાના માલીકની પુત્રીનુ વચન રાખવુ રમાકાતનુ છેડાવુ, મુનીમનુ ખુન કરી પિતાનુ વીલ લઇ લેવુ દોલતરામે આવી મીલકતનૂ કરારનામુ ન મારી લેવુ પોલીસની ધડપકડ અને રમાકાન્તનુ નાસવુ

પ્રવેશ ૬ ઠો સ્થળ દોલતરામનુ મકાન—દોલતરામની ટેમ્પરરી મીસીસ ભાણકીની શેઠાઇનો આડંબર, રમાપર વ્હેમાએલ દોલતરામે આપેલી જાહેર ખબરથી રમણે [illegible]ના વેષથી નોકરી રહેવા આવવુ, [illegible] પરિક્ષામા લૈયાજી પાસ, [illegible]દામા પ્રેમી[illegible]નુ મીલના

પ્રવેશ ૭ મો—સ્થળ જાગીરદાર બંગલાનો એક ભાગ—
રમાકાન્તે તજેલી દુખી સરસ્વતીના ઉદ્ગાર, ખુની. રમાકાંતનુ આગમન, ખુનીની પત્નિ તરીકે જગતમા જાહેર ન થવાનો સરસ્વતીને રમાકાંતને ઉપદેશ, આદર્શ આર્યરમણીનો અડગ નીશ્ચય, સરસ્વતીના આગૃહનેવશ થઈ રમાકાંતે છુપાવુ, પાછળથી દોલતગમે આવી સુરેન્દ્રનાથ જાગીરદાર આગળ ભેદ ફોડી નાખવો, જાગીરદારનુ ઉશ્કેરાવુ, સરસ્વતીની આર્જવતા અને રમાકાંતના છુટકારાની માગણી જાગીરદારે પુત્રીના સ્નેહ કરતા ન્યાયધર્મની જવાબદારી શ્રેષ્ઠ માની પોતાની ફરજ પર અડગ રહેવુ, પુત્રીએ પીતાના સ્નેહ કરતા સ્ત્રી ધર્મને શ્રેષ્ઠ માની રમાકાંતને યુક્તિથી નસાડવો સીન ટ્રાંસફર ડોકમાથી રમાકાંતને લઇ સ્ટીમરનુ ઉપડવુ જાગીરદારે સીગનલ દેખાડી સ્ટીમર હૉલ્ટ કરાવવી, રમાકાંતે જીવ બચાવવા સ્ટીમરમાથી કુદી પડવુ, શાર્ક માછલીના મોમા સપડાવું જોલી બોટમા વિહાર કરવા નીકળેલા રંગપુરના જાગીરદાર શશીકાંતના હાથથી તેનો બચાવ

ટેબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો– સ્થળ શશીકાંતનો બગીચો. ઓછી વયમા પરણેલી નવજુવાન પત્નિ વિલાસીનીના વિલાસનુ દિગ્દર્શન નાચરંગ પછી વિલાસીની અને રમાકાંતનુ એકાંત, યુવાન હૃદયોનુ આકર્ષણ, સેતાનના સાથી બનેલા રમાકાંતે વિલાસીનીને પોતાના કૃત્રિમ આડંબરથી પોતાની સ્નેહજાળમા ફસાવવી, નીચતાની પરીસીમા, બાદ કામ પ્રસંગે બહારગામ ગએલા શશીકાંતનુ આવવુ, ભલાની ભલોઇ, સુરેન્દ્રનાથ જાગીરદારનુ રમાકાંતને પકડવા આવવુ, ભોળા અને વિશ્વાસુ શશીકાંતના મીત્ર ધર્મનુ દિગ્દર્શન અને રમાકાંતનો બચાવ

પ્રવેશ ૨ જો—સ્થળ દોલતરામનુ ઘર—સરલા કે જે રમાકાન્તના ભાગી જવા પછી દોલતરામ જેવા કસાઇના હાથમા આવેલી છે, જે દોલતરામ રમાકાતના પૈસા સાથે સરલાને પરણવા માગે છે તો તેમાથી છુટવા સરલાની ચીતા, પ્રભાકરનુ આવવુ અને આ સ્થળ [illegible] કી [illegible] જવાનો મનેનો ઠરા[illegible] [illegible]નામનુ આવવુ, પ્રભાકર મા[illegible] [illegible]ક, છેવટે રમાકાત[illegible] ને અત્યાર સુધી સરલ[illegible] રી [illegible] નો માને છે, [illegible] હેવાના [illegible] આનદ અને [illegible] તેનો પ્રેમ કબુલ નહ[illegible] તો આવેલ પત્ર પોલીસના હાથમા આપવાની ધમકી [illegible] વિહ્વળતા, [illegible] આગમન અને જેનુ કાર્ય [illegible] તેનો [illegible] તે કહેવત પ્રમાણે રમણનુ [illegible] માટે આવી મળવુ

પ્રવેશ ૩ જો— થળ જગલ—[illegible]નિની શોધમા પિતાથી [illegible] અને [illegible]નીયાથી ડીણાએલી, ગરીબ સરસ્વતીનુ પુત્ર [illegible] આવ[illegible] ત્યા [illegible] નીકળેલા રમાકાત અને ચિતામણીનુ આવવુ બન્નેની પ્રેમ ચેષ્ટા, પતિ માટ પિતા તથા દેશ છોડ્યો તમ[illegible] અ[illegible] ના [illegible]મા જો[illegible] સરસ્વતીનુ [illegible] [illegible] [illegible] અને [illegible] કરી [illegible] આવવા રમાકાતને [illegible] [illegible] રમાકાતે સરસ્વતીને [illegible] [illegible] ઉપકારને [illegible] રમાકાતની સરસ્વતીને ચાલ્યા જવાની ધમકી સરસ્વતીના આ[illegible] રમાકાતનુ ચીડાવુ અને ક્રોધના આવેશમા સરસ્વતીને વા[illegible] કરી, પાણી ભરવા મોકલેલ [illegible] [illegible]નુ અવ[illegible] [illegible] [illegible]નુ આવવુ, રમાકાતનુ ભ[illegible] જવુ સરસ્વતી [illegible] જગ[illegible]ના આશ્રયમા

પ્રવેશ ૪ થો—સ્થળ દોલતરામનુ ઘર—ચો[illegible]ના [illegible] ચોર પરોણા એ [illegible] પ્રમાણે ભાણ[illegible] પોતાના પુત્રને દોલતરામના પુત્ર તરીકે [illegible] તેની પાસેથી પૈસા કઢાવવાનો વિચાર રમા[illegible]નુ આવવુ ભાણી [illegible]સેથી વિચાર જાણી પોતાના કામને [illegible] પાર પાડવા સારૂ ભાણુકીને મદદ આપવાનુ વચન, છોકરાનુ

કબજે લઇ ભાણકીને બીજે ગામ મોકલી આપેલ સલાહ પ્રમાણે વર્તવા કહેવુ, દોલતરામનુ આવવુ, મિયાએ છોકરાનો હવાલો આપવો, પાપનો પ્રકાશ દોલતરામનો ગભરાટ, બાદ સલાહ પ્રમાણે મરીને ભુત થયેલ ભાણકીનામ કાગળનુ આવવુ દોલતરામનો ગભરાટ પર ગભરાટ

પ્રવેશ ૫ મો- સ્થળ શશીકાન્તનો મહેલ—સરસ્વતીને બચાવા જતા મળેલા ચેકના ટુકડાના સાધા મેળવના વૃદ્ધ જાગીરદારની પોતાના પત્ની તથા રમાકાન્ત માટે શકા, ચેકના ખુલાસાથી શકાની મજબુતી બાદ સરસ્વતીને પુછવા જતા પતિ પ્રેમી સરસ્વતી કે જેનુ હમ્મેશ ધ્યાન પતિના મખમાજ છે અને તે ભીખારી વિનાસીને જાગીરદારની પુત્રી તરીકે માને છે, તેને રમાકાન્ત સાથે ગયાની વાતની માહિતી જાગીરદાર પાસેથી ખરો ખુલાસો એટલે કે વિલમી પુત્રી નહી પણ પત્ની છે તે જાણતા સરસ્વતીનો પશ્ચાતાપ અને જાગીરદારનો ક્રોધ, રમાકાતનુ વિનાસીને લેને આવવુ, રમાકાતની વધારે નીચતાનો નમુનો અને પૈસા તથા પત્ની લઇ ભાગી જતા જાગીરદારના હાથે રમાકાતનુ પકડાવુ બાદ પ્રેમી વિનાસીની સલાહથી રમાકાતના હાથે જાગીરદાર ઘાયલ, બન્નેનુ ભાગવુ સરસ્વતી તથા સુરેન્દ્રનાથ જાગીરદારનુ આવવુ

ટેબ્લો

---

* અંક ૩ જો *

પ્રવેશ ૧ લો—સ્થળ હોટલ—નાસી આવેલા રમાકાતનો હોટલમા પારકે પૈસે પરમાનદ વિલાસીનુ આવવુ રમાકાતનુ બેદરકારીથી ઉઠી ચાલ્યા જવુ, વિનાસીનો પોતાની સ્થીતી પર પશ્ચાતાપ, બેવફા આશક અને સાચા પ્રેમીની તુલના, રમાકાતનુ આવવુ પરસ્પર

તકરાર, રમાકાંત કે જેને હવે વિલાસીની નહી પણ લાવેલા પૈસાની જરૂર છે તેનું પૈસા લઇ વિલાસીને નિરાધાર હાલતમા મૂકી ચાલ્યા જવુ વિલાસીની અધોગતી, હોટલના બીલની ઉઘરાણી, પૈસા બદલ પોતાની કીમતી સાડી આપવી અને જવું

પ્રવેશ ૨ જો--સ્થળ દોલતરામનું ઘર—ભૂતની ભ્રમણામા ભમેલા દોલતરામનુ મોરપીછાના કડા પહેરી ભુતના ઉતાર તરીકે આવવુ રમણની શીખાવણી પ્રમાણે દોલતરામે બીવરાવવા ભૂતડી તરીકે ભાણીનુ આવવુ, દોલતરામનો ગભરાટ રમણનુ ભુવાબની આવી સરલાને પરણવાનો વિચાર છોડી દેવાની સલાહ

પ્રવેશ ૩ જો--સ્થળ વેશ્યાનુ મકાન—ભૂખ તરસના ત્રાસથી કંટાળેલી વિલાસીનુ આવવુ સતીત્વથી ભ્રષ્ટ થતા એક વખતની મહારાણી મનાતી વિલાસીનુ ઉદરનિવાહ અર્થે વેસ્યાને ઘેર નોકર તરીકે રહેવુ, ભુતના વ્હેમમા ઘેરાયલા દાલતરામનુ શાન્તીને માટે અચાનક ત્યા આવવુ, દોલતરામ તથા વિલાસીની ત્યા મુલાકત, કર્યા તે પુર્ણ છે તેમ માની વધારે પાપ ન કરવા ખાતર ફરેબથી દોલતરામની હીરાની વીંટી માગી લઈ હીરો ચુસી આપઘાત કરવો દોલતરામનુ ગભરાટને ભાગવુ, અચાનક રમાકાંતનુ આવવુ વીલાસીની આખર સ્થીતિ જોઇ રમાકાંતનો ગભરાટ સુરેન્દ્ર ને જાગીરદાર આવવુ, રમાકાંતના હાથે સુ૦ જાગીરદારનુ ખુન સરસ્વતી કે જે પતીને બચાવવા પોતાના પીતા સાથે પોલીસના છુપા લીબાસમા આવેલછે તેનુ જાહેર થવુ, સતીનો પતિ પ્રત્યે પ્રેમ અને પતિને નસાડી ખુની તરીકે જાગીરદારની સમક્ષ પોતે જાહેર થવુ સરસ્વતી કેદ,

પ્રવેશ ૪ થો--સ્થળ દોલતરામનુ ઘર--પ્રભાકર, રમણ, સરલા અને ભાણી વગેરેઓએ જુદા જૂદા સ્વરૂપોથી ગભરાયલા દોલતરામને વધુ ગભરાવવો લાચારીથી દોલતરામે સરલાના લગ્નથી

હાથ ધોઇ નાખવા કબુન થવુ, ગોટાળાનો ખુલાસો અને પ્રેમી યુગલોના ખુદ્દા ગેલતરામના હસ્તે લગ્ન, આનદ અને કોમેડીની પુર્ણાહુતી

પ્રવેશ ૫ મો—સ્થળ ફાસીનો માચડો—સ્નેહયજનો ભોગ થવા તયાર થયેલી સરસ્વતીનો તથા જાગીરદારનો સ્ત્રીધર્મ વિષે સવાદ સરસ્વતીના પ્રેમની પરીક્ષામા રમાકાતનુ આવવુ અને ખુની તરીકે જાહેર થઇ પોતાનો અતીમ પશ્ચાતાપ કરી આપઘાત કરવો, પતીપ્રેમમા વશ બનેલી સરસ્વતી, પોતાના બાળક જયતને જાગીરદારનાચરણમા સોપી પ્રાણ ત્યાગ કરી આર્ય રમણી નામનુ સાર્થક કરવુ

ટેબ્લો



સંસાર લીલા.

નાટકના ગાયનો.

શ્રી મગળાચરણ

શ્રીવર નામ ઉચ્ચારસુ સુદર
નિરાકાર નિરગુણ અતિ મગલ
રમન કોમળ સુચીકર અતર
ભજ કરૂણાકર નિરગુણ દુખહર—શ્રીવર
જો કલ્યાણ ચહે હૃદયે નર
ભજનિત્ત પ્રાત સમય અતિ સુરતર
શુદ્ધ ભાવધર પ્રેમ ભૂધર પર
પામે ચતુર ઉદ્ધાર તુ ભૂપર—શ્રીવર

બાળાઓ—

નીજ પ્રેમની ખાતર પ્રાણુ તજે જન તે ભવ આ તરતા
આધી પ્રીતડી નિત્ય નિભાવે ધન્ય જીવન એ કરતા—નીજ
પ્રેમ નેમની મઝાજ જૂદી પ્રેમાશી જન જાણે
વિશ્વ સકળના અભ્યતરમા પ્રેમ પ્રેમ જોતા
અરે એ જીવન સફળ કરતા નીજ

વારાગના— (૧)

ઈસ્કકે બાજારમે જૂઠી મહોબત લાયેંગે
લૂટને જોબન જો આયે હયે વ્હો લુટા કર જાયેંગે

મેરી સાગ બરસકી ઉમરીયા જોબનકા ઉભાર હય
અબરૂ તલવાર હય આખે કટાર હય
જીસકા દેખા બસ તીર હમને ફેંકા વ્હો બાસ્મીલ નીકાર હય,
મેરે સીને પર કચ્ચે અનાર હય
મુજમે મ્હોબત વ્હો બરછીકી ધાર હય
કમ પતલી કમાનસી કમરીયા સાવરીયા લાચાર હય—મેરી

રમા-દોલતરામ— (૨)

હું જરદાર હું સરકાર મોટરકાર લાવો યાર
બસ બ્રાન્ડીની બોતલ લાવો સાથે નવેલી નાર
બસ વન્ડરફુલ કોઈ બેન્ડ મંગાવો
મોજ ઉડાવો યાર,
ઝનનન પામ પોમ (૨) વાજાનો ઝણકાર
હો મગનમે સનમ પીયેંગે હમ જેગી રમ.
બસ સગામા મઝમ ઓ માર ડીયર કહેશે વેલકમ

સરસ્વતી— (૩)

ખીલી રહી કેવી શોભા અપાર
કરતી તરૂલતા વિહાર ખીલી
મધુર મધુર પવન વાય
લલીત લલીત લીલા છવાય
અખિલ જગત રમ્ય જણાય
વદન વિભૂ વારવાર ખીલી

રમા— (૪)

ખીલેલી કળીઓ (૨) વીણ માલી સીંચન આ કરમાય.
કાંઇ ઉપાય, ના સમજાય ખીલેલી

મધુકર મદમાતો જોઈ ભલી કળી રાતો બહુ થાતો
હૃદય હરખાતો વળી વાતો કરી કરી કંઇ ગાતો
વળી વળી લળીને ચુંબન કરતો કાય કળી વીખરાય
ઉર ઉભરાય ને શરમાય રે ખીલેલી

દોલત-રમા-રમણ-ભાણુકી (૫

ઓ પાજી (૨) આજે આવ્યો હાથ બચ્ચાજી
બે દિલ રાજી તો કાજીની કયા દરકાર છે
હું લાજી (૨) ઝાઝી કરવી ના પતરાજી
ઓ દાદાજી (૨) ચુપ આ તારો તો સન્દાન છે
કરતા ના નાટકબાજી, ચોરી છોડી દે પતરાજી
વાહ મારા પ્રાઈવેટ માજી
દોલતરામની દોલતપર સદા રહયા છે ગાજી
દિકરા મારા ઢોર હરાયાની કરૂ હરરાજી
નાનાજી (૨) હાહાજી (૨)
શુ સમજ્યા મુળા ભાજી, હવે માફ કરો પિતાજી
આ તો પ્હેલી છે બાજી બીજી તૈયાર છે

સરલા— (૬)

આતે આજના જમાનાના કેવા પ્રકાર
જોઉ જયા જયા હું ત્યા ત્યા ફકત પ્રેમના બજાર—આતે
ઍડન ગાર્ડન પર પ્રેમ, સાંજે બેન્ડ સ્ટેન્ડ પર પ્રેમ
ગાતે નાટકમા પ્રેમ જોઇ જાગે વીકાર આતે
રમણી વીલાસ કરે પુરૂષો ગૃહ કાજ કરે
ધન્ય ધન્ય સદ્ભાગ્ય આજ ભારતના જામ્યા
કૂળની મર્યાદ તજી રાત દિવસ બ્હાર ફરે

સુંદર પોશાક સજી પર પુરૂષે પ્રેમ કરે
કુળ નારી ગૃહ લાજને વિચારી, મર્યાદ માન વારો
આતે પ્રેમ છે કે મોહ તે વિચારો આતે

સરલા-સખીઓ— (૭)

ધારી ધારી જોતી તું બ્હેની કોને
જોઈ જોઈ લજવાતી બ્હેની કોને
"ના, ના, ના,"
નીરખી નીરખી છબી સુંદર ભરતા શ્વાસ અનેરા તાળી દ્યોને-ધારી
તું તરૂણીનું દીધેલ દીલ તે, તરૂણ રૂણ નવ રાખશે
કરશે મ્હેમાની મનમાની પણ અનંગ રંગ રેલાવશો
'નાના હાહા (૨) પછી હા હા હા"
વેણી આ વીખરાશે પછી અંગ પસીનો થાશે
ચોળી સાડી ચોળાશે તનના સહુ તાપ સમાશે
થાવાનું તે સહુ થાશે, તેમાં આપણું શું જાશે—ધારી

સરલા-પ્રભાકર-સખીઓ— (૮)

મળ્યા મનના માલીક એ વરેલી સાહેલી
અમે જઈયે એ બ્હેન રજા લઈએ
રસરાજ બન્યા કેદી તારા
સ્નેહ બંધનમાં કેદી આ આખો સંસાર
ફુલથી સુકોમળ એ બંધનના માર
જરા ધીરે નાજૂક બંધ ધીરે બનાવજે ના ભરતી પગલાં
શું સ્નેહ તણા બંધ કે શું કેદના પ્રબંધ
હું તો ડરતી એ માર્ગ માંહી ભરતા ડગલા
બાણુ સાંધી નયન બાણુ સાંધી ભુજબંધ ખુબ બાંધી
રસીયાથી રંગ રમજે બાળા-અલી આજે

સરલા— (૯)

મ્હેમાન જગની મેદની મ્હેમાન માનવ જાત છે
વૈભવ નગરના વાસીઓ વૈભવ વિશે રળીયાત છે
વણસી જશે દિન ચાર મા આ માટીની મ્હેલાત છે
આ ચાર દિનની ચાંદની અંતે અંધારી રાત છે
જૂઠી જૂઠી આ વૈભવની માયા
આ સાહેબી ચાર દિનની
ક્ષણીક સુખમાં સંસારીઓ લોભાયા
આ સાહેબી ચાર દિનની
લક્ષ્મી સાગરે તરંગ બહુ આવે,
ચાર દિન માટે ચિત્તને ચળાવે
જ્ઞાન પંથને એ આપ ભૂલાવે
આ સાહેબી ચાર દિનની

ભાણકી— ૧૦

કુળી કુલીન ન ફરતી બની ફાંકડી નાર
કોણ છે બરાબરી કરનાર
તીજોરીઓની ચાવી લઈ થઈ શેઠાણી નિરધાર
હવે હું નાબથી રહેનાર
અત્તરવીયા હતર હોના
ઓટા મોતીની સાવી હોના
લાખ ટકાના જોબન માટે
કરોડોના હણગાર હાથની માગી અપર પાર

રમા-રમણ— ૧૧

પ્રીયતમજી પારણે ઝુલાવજો રે
બાંધી પ્રીતડી તે પ્રેમથી નીભાવજો

છાને છાને મંદીર મારા આવજો રે
આવો આવો અનોખા રંગ લાવજો
અળગીન આપથી આખરી પ્રીત જાણજો
બાપ તારા બોકડાની મોટી મ્હોકાણજો
દુઃખમાંછે પ્રીતની પીછાણજો રે
આવી પુષ્પોનીસેજને શોભાવજો

સરસ્વતી— ૧૨

લાગે જીવન શુન્ય નીરસ જગત સઘળી
નૌકા ડુબે મારી કાંઈ ન સમાની,
કાંઈ રજની ઘોર સાગર ભરતી જોર
આવે વ્હારે મારી વિનતીને નીકા !--લાગે

અંક ૨ જો.

---

(૧૦)

ડેન્સ.

સાની ધધપ મપમરે મગ રે ગરેગ મગરે ગરેસા
સારેગમ પધમ ધપ ગરે ગમ પમ ધપ સાનીધપ
મગરેસા, પસાની
ગરે સાનીધ રેસાનીધપ સાનીધપમ પસાસા નીધપ
મપ મગરેસા, પસાની
ગરેસા (૨) રેસાની ધપમ પસાની
પધપ સાસા ગમપધપ પસાની
સારેગમ રેગમપ ગમપધ પસાની
ગમપ (૩) નીધપ પસાની
સારેગમ પમગરે સાનીધપ પસાની

વિલાસી——રમાકાંત——　　　　　　　　૧૪)

પ્રેમ મોરલી નાદ મધુર વાજાડે વશ કીધી હા કીધી
અનંગ રંગી રકત લોચને લાલ લોભાવી લીધી હા લીધી
કામ જ્વર પીડા કરતો અંગ સલુણી ઉત્તમ આજ પ્રસંગ
દર્દ કરો સહુદુર સલણા વરસાવી રસધારા પ્રીય મારા
અધરામૃતનુ પાન કરીને અમર થશે પ્રીય તારા હા તારા
અમુલો અંગઅંગ ઉછરંગ
　　　　　　　　જમાવે જોબનીયુ મહાજંગ
સરીતા સાગરનોજ પ્રસંગ
　　　　　　　　રંગ છે જાદુગરને રંગ, પ્રેમ

સરલા——　　　　　　　　૧૫

મુરખ જન વ્યથ કરે અભિમાન
લોભ મોહનીજાલ બંછવી
રીદ બને તુ હેવાન
કોઈ ટકયુ નહી કોઇ ટકવાનુ
ભજી લે શ્રી ભગવાન

સરલા——　　　　　　　　૧૬

મને તારો ભરસો નાથ ભારી
કોણ તારા વિના લે સંભાળ સ્યામ મારી
સતી સીતાને આગમાથી બળતી ઉગારી
ભીડ દ્રાપદીની નાથ તે નીવારી
ધીર સાચી ધરનાર બેલી સત્યના આધાર
તોલ ત્રીકમ કરનાર છો મુરારી
હુ છુ નટવર ગોપાળ ગાય તારી
મારે કેડે હરીની હામ ભારી

સરસ્વતી— ૧૭

કર્મ ક્યાં કુડા હશે લીધુના હરી નામ
તેથી દીન થઇ ભટકતા અન્ન વસ્ત્ર વિણ આમ
વિપદ વિદારો દીન દયાળ
નીજ પતીતની લ્યો સભાળ
પતિના વિયોગે વન અથડાતુ
દુશ્મન જગત જન કયા જનુ
અધમ ઉદ્ધાર દુખી મમ બાળા

રમાકાત-વિલાસી— (૧૮)

પ્રેમી પરોણા છો ચિત્ત હર પ્રિય કર પ્રિતે પાળજો
અતરીએ રાખજો હૈડાને હારજો પ્રેમી
સ્નેહના સીચુ અમૃત બીન્દુ
ચદ્રવદન આ વિમળ વિલસતુ
યૌવન મદ ભરેલા અલબેલા છોગાના છેલા-વાહ પ્રેમી

સરસ્વતી— (૧૯)

ન જીવન પ્રાણમા બાકી ન ચેતન તનમહીં બાકી
છતા એ ગયમા મારો અમળ વિશ્વાસ છે બાકી
જગતની હુ નથી સ્વામી જગત મારૂ નથી સ્વામી
તમે મારા ન જો સ્વામી બધીએ આશ છે બાકી
જગતના બધનો તુટયા નયનમા આસુઓ ખુટ્યા
જીગરના તાર છે તુટયા રે છેલો શ્વાસ છે બાકી

માણકી— (૨૦)

અનુલુલુ હાલ હાલ હાલ અલુલુ હાલ
સોનાનુ પારણુ મગાવુરે હાલ હાલ હાલ

મારા કાકાને ઝુલાવુ રે હાલ
છાના મારા વીર ભરી આવુ નીર
પછી તને હેતથી હનાવુ રે હાલ ([illegible])
ભાઈ છાનો બાપા છાનો અરે છાનો રડયા છાનો
રૂડા રમકડા રમવાને લઈ આવુ
ઝગમગતા ઝમલા મ [illegible] મ ગાવુ
ગોરધા આના ઓનાવુ રે હાલ [illegible] હાલ
આયા [illegible] આન બાબાગાડી લાવ
બેસી રોતા [illegible] ફરીને લે [illegible] અનુલુ [illegible]

દા [illegible] મણુ—મા— ([illegible])

આની [illegible] આ ધાર
[illegible]
રાજન [illegible] ના વિચાર
[illegible]
ભાઈ ભાળે ભાઈ ભાળો
[illegible] આ [illegible] ગોટાળો
શામળીયા [illegible] જે મારી સ્હાયરે
તમો મોટરમા બેસી વ્હેલા આવજો
શુ શામળાયજી સ્હાય કરે આ બાળકને સભાળો
તમે [illegible] મને [illegible] બાગો
[illegible] આ [illegible] હાય હાય હાય
[illegible] આ [illegible] ખીલી મારા પગની નળીઓ થઈ ગીલી
દીકરી આના શુ ઉપાય
[illegible] વેચાય અરરે મરી ગઈ તારી માય
બાપા હાય હાય હાય બાપા હાય
ડ્રોપ

અંક ૩ જો.

વારાંગનાઓ— (૨૨)

મર્ય વારી સૈયા પીયો પીયોજી મદવા
ગાલ ગુલાબી લાલ શરાબી
ચાલ ચલત મતવારી મોરે સૈયા પ્યારે-પીયો
ગત અનોખી ચાંદનીકી નેહ નયન મનલાન,
અધરોંપે પાન ડગત પરસ્પર પ્યારીકો મુખ મલકાય,
દોનો રંગી એક રંગમે રંગાએ અનંગ રંગમે
પરસ પરસ ઝલકાય-મર્ય વારી.

વિલાસી - (૨૩)

ભોળી હું ભ્રમમાં ભુલીરે જુઠા જગમાં
ફોગટ ગાનમાં ફુલીરે જુઠા જગમાં
ઝાકળને મોતી જાણી અમળા રમી અટવાણી
પહેલા પરખ્યું નહિ પાણી રે જુઠા ભોળી
નરદમ પ્રેમમાં ડોલે હું તારો એમજ બોલે
મુખ અમી અંતર વિષ ધોળે રે જુઠા ભોળી
દેખ્યા વિણ ડગલું ભરીએ ભવરણમાં ભટકી મરીએ
જોઇ પાત્ર પ્રેમ તો કરીએ રે જુઠા ભોળી

રમણ-દો-રમા— (૨૪)

મર્ય ઉમર ખાનકા ચેના કે ધુણો બેટા મેરા
કાઇ ઝાકની નાઇ ઝાકની હો ગામની પનગામકી
કોઈ જોગની કોઇ ભોગની પોબન વાચન મોચન ખુડચલ
કોઈ ઘરો વરોકા ડેરા કે ધુના બેટા મેરા અમભપમ્બ
ચુપદાન કોઈ લાવો યે સતીના રીર મીલગાઓ
બસ જલાકર ખાક કર ફીર બેઠે મોજ ઉડાવો
આકાશસે પાની બરસે તાનકે બીજલી કડકે
ભેંસાસુરકા સીના ફડકે બસ રખ્ખો ઇસે પકડકે
કોઇ આવો મને બચાવા મમ્મા દેવીના બાવા

આવ્યો ભુતભાઈ શુ ખાવા માંડ્યુ ભુત હવે ઉભરાવા
અબભપમ્બ (૩)

છોકરીઓ-- (૨૫)

બીબી મેડકીરી મે તો પાનીમેકી રાની
કૈવા મેન ભાઈ ભતીજા ચાલ મોરી દેવરાની
બગલા મેરા છોટા દેવર દેખદેખ ડરકાની ( ) બાબા
અગલા નાચ બગલા નાચે નાચે બોતલ ખાના
પીવ પીલી સાબકી ટોપી નાચ મેમસાબકા જમા (.) બાબા

ગો સ પ્ર ર ર ભા-- (૨૬)

રગે ચગે સગે રહેજો, આશીશ છે મારી
નદીલ અમોને આજ તમોએ કીધા આભારી
હાનમ અમ નગણાગીઆ પર જઈએ બલહારી
જઈ કરતાલો ભજન કરીશુ, રામ ભજનમા રહીશુ
કાળા કરમો કરવા મુકી કૃષ્ણ કૃષ્ણ મુખ કહીશુ
બોલો રામચદ્રકી જય, બોલો બસી ધરકી જય
બમોધરના બાલા લઈ શુ રાધાવરના બાવા લ શુ
સીતાવરના ત્રાના લઈશુ
તુહી રામ (૨) તુહીરે મારા ચરખો બોલે રામનામ
બસ તુહીરે બસ તુહી તુહી રામ તુહી (૨)

સરસ્વતિ-- (૨૯)

પ્રણામ હિન્દ જનની હુ સ્વર્ગ ધામ જાઉ
પ્રણામ આર્ય રમણી હુ સ્વર્ગધામ જાઉ
કહેજો પિયુને મારા કહાવે તમારી દારા
પિયુ પથ જોતી તારા ભવપાર આજ જાઉ
રક્ષા શિયળની કરતા, નીજ નાથ માટે મરતા
મૃત્યુ કિનારે તરતા, હુ નામ ન લજાઉ
મને નાથ માફ કરજો, દિલમા ન દોષ ધરજો
સામે કિનારે મળજો, ત્યા રાહ તારી જોઉ

શાંતી ! શાંતી ! શાંતી !